# બનાસકાંઠામાં કોરોનાના કારણે ૧૩૭ બાળકોએ પરિવારના સ્વજન ગુમાવ્યા

## એપ્રિલમાં ૩૪ અને મે માં ૧૦૩ બાળકોએ માતા અથવા પિતાની છત્રછાયા ગુમાવી : સરકાર દ્વારા આંગણવાડી મારફત નિરાધાર બાળકોને શોધવા જણાવ્યુ હતુ

પાલનપુર

બનસકાંઠામાં કોરોના વાયરસના પગલે અસંખ્ય પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે.જેમાં કેટલાક બાળકોએ માતા તો કેટલા બાળકોએ તેમના પિતાની છત્રછાયા ગુમાવી છે.જેથી સરકાર દ્વારા આવા પરિવારને શોધી તેમના જીવન નિર્વાહ ચાલે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.જેમાં બનાસકાંઠામાં કુલ ૧૩૭ બાળકોએ પોતાના પરિવારની છત્રછાયા ગુમાવી હોવાનું સરકારી ચોપડે નોંધાયુ છે.

કોરોના વાયરસની બીજી લહેર ભયાનક હોવાના કારણે બનાસકાંઠામાં મોટા પ્રમાણમાં લોકો કોરોના વાયરસનો શિકાર બન્યા હતા.અને શહેરમાં આવેલી સરકારી તેમજ પ્રાઈવેટ હોસ્પિટલ ફુલ થઈ ગઈ હતી.તેમજ કેટલીક હોસ્પિટલોમાં તો ઓક્સિજનની અછત તેમજ સમયસર સારવાર ન મળવાના કારણે અસંખ્ય લોકોના મોત થયા છે.તેમાં કેટલાક લોકોએ પોતાના ભાઈ તો કેટલીક મહિલાઓએ પોતાનો પતિ તેમજ કેટલાક બાળકોએ પોતાના માતા અથવા પિતાની છત્રછાયા કોરોનાના સમયમાં ગુમાવી છે. માતા-પિતાની છત્ર છાયા ગુમાવતા નિરાધાર બન્યા છે.જેથી સરકાર દ્વારા નિરાધાર બાળકોની ચિંતા કરી

**ક્યા તાલુકામાં કેટલા બાળકોએ માતા તેમજ પિતા બંન્ને માંથી એકને ગુમાવ્યા હોવાની સંખ્યા**

| | |
|---|---|
| દાંતા | ૯ |
| અમીરગઢ | ૫ |
| પાલનપુર | ૧૭ |
| ધાનેરા | ૨૭ |
| લાખણી | ૧૮ |
| થરાદ | ૧૪ |
| વાવ | ૬ |
| સુઈગામ | ૧૦ |
| ભાભર | ૨ |
| દિયોદર | ૧૧ |
| કાંકરેજ | ૧૩ |
| વડગામ | ૫ |

કોરોનામાં જે બાળકોએ માતા-પિતા ગુમાવ્યા હોય તેવા બાળકોને સરકાર દ્વારા ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી બાળકને રૂ.૪ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે.જેથી બનાસકાંઠા આઈસીડીએસ વિભાગ દ્વારા જિલ્લામાં જે બાળકોએ કોરોનામાં માતા - પિતા ગુમાવ્યા હોય તેવા પરિવારના સભ્યોને શોધી કાઢવા આંગણવાડી બહેનોને જવાબ દારી સોપવામાં આવી હતી.

સરકારના પરિપત્ર મુજબ નિરાધાર બાળકો સરકારી સહાયનો લાભ આપવામાં આવશે.ડો.એમ.વી.મેણાત બાળ સુરક્ષા અધિકારી, બનાસકાંઠા કોરોના વાયરસની મહામારીમાં માતા-પિતા કોરોના સંક્રમણનો ભોગ બન્યા હોય અને ૦ થી ૧૮ વર્ષના બાળકોને રહેવા તેમજ જમવાની વ્યવસ્થાન ન હોય તેવા બાળકોની બાળ સુરક્ષા વિભાગ દ્વારા રહેવા જમવા સહીતની વ્યવસ્થા કરવામાં આવી છે.તેમજ કોરોનામાં કોઈ બાળકોએ પોતાના માતા-પિતા બન્ને ગુમાવ્યા હોય તેવા કેસમાં મુખ્યમંત્રી દ્વારા નિરાધાર બાળકો માટે ચાર હજાર રુપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે.જેથી આવા બાળકોના ડેટા મંગાવવામાં આવી રહ્યા છે.અને સરકારનો પરિપત્ર આવ્યા બાદ પરિપત્રના નિયમ મુજબ ૧૮ વર્ષ(પુકતવય)ની ઉંમર ન થાય ત્યાં સુધી નિરાધાર બાળકને સહાય આપવા માટેની કામગરી કરવામાં આવશે.

# મા-વાત્સલ્ય કાર્ડ રાજ્યના દરેક લાભાર્થીને વ્યક્તિગત અપાશે

## રાજ્યના નાગરિકોને રાહત આપતો વધુ એક નિર્ણય : યોજનાના માપદંડો ધરાવતા લોકોને લાભ, કુટુંબદીઠ વાર્ષિક ૫ લાખ સુધીનું આરોગ્ય કવચ મફતમાં પૂરું પડાશે

ગાંધીનગર, તા. ૯

મા અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ મામલે ગુજરાત સરકાર દ્વારા મોટી જાહેરાત કરાઈ છે. હવેથી ગુજરાતમાં દરેક લાભાર્થીને વ્યક્તિગત કાર્ડ આપવામાં આવશે. અગાઉ પરિવારદીઠ એક કાર્ડ અપાતું હતું, પણ હવે પરિવારના તમામ સભ્યોને મા કાર્ડ અપાશે. યોજનાના માપદંડો ધરાવતા લોકોને સહાયનો લાભ મળશે. સાથે જ કુટુંબદીઠ વાર્ષિક ૫ લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પૂરું પડાશે. આરોગ્ય મંત્રી નીતિન પટેલ આ માહિતી ટ્વીટ કરી છે.

આરોગ્ય વિભાગે ગઈકાલે મા કાર્ડની મુદત આગામી ૩૧મી જુલાઈ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે હવે સરકારી હોસ્પિટલોમાં નવા મા કાર્ડ બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ એક પરિવારને મા અમૃતમ કાર્ડ આપવામાં આવતુ હતું. પરંતુ હવે આરોગ્ય વિભાગે જાહેરાત કરી કે, હવે પરિવારદીઠ એક કાર્ડને બદલે દરેક લાભાર્થીને અલગ અલગ કાર્ડ આપવામાં આવશે. તેમણે ટ્વીટમાં કહ્યું કે, હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલ, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે. તેથી બધા લાભાર્થીઓ નવા કાર્ડ આ હોસ્પિટલોમાંથી કઢાવી શકશે. જ્યાં સુધી નવું કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભ પહેલાંની જેમ જ ચાલુ રહેશે. જેથી કોઈની સારવાર અટકશે નહીં. "મા" યોજનાના દરેક લાભાર્થીઓએ હવે નવું કાર્ડ તાત્કાલિક મેળવી લેવા અનુરોધ છે જેથી જરૂરિયાત પ્રમાણે ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્ય મેળવી શકશે.




ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાસંદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના સી.એસ.આર. ફંડ માંથી સંભવિત કોરોનાની ત્રીજી લહેર સામેની લડાઈની તૈયારીના ભાગરૂપે ઓક્સિજન કોન્સનટ્રેટર આપવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના સા.આ. કેન્દ્રો કલોલ, ડિગુંચા અને નારદીપુર ખાતે ઓક્સિજન કોન્સનટ્રેટર આપવામાં આવ્યા છે. તેમજ રાંચરડા, હાજીપુર, સઈજ, મોખાસણ, પાનસર, રૂપાલ અને આદરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ ઓક્સિજન કોન્સનટ્રેટર આપવામાં આવ્યા છે. આજરોજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાનના હસ્તે તમામ સા.આ.કેન્દ્રોના અધિક્ષકશ્રીઓને અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રીઓને આપવામાં આવ્યા છે.

## ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની જિલ્લા કલેકટર સાથે બેઠક યોજાઇ

ગાંધીનગર જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૧૮ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની દુકાનો માટે આવેલી અરજીઓ પર ચર્ચા- વિર્મશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૧૪ દુકાનો ફાળવવાની અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી, વલાદ-૧, દોલારાણા વાસણા-૧, ડભોડા, ટીંટોડા-૨, અડાલજ-૩, પોર, રાયપુર, ઝુંડાલ-૧ એમ કુલ-૯ કલોલ તાલુકાના ગોલથરા, છત્રાલ એમ કુલ-૨, માણસા તાલુકાના સમૌન ૨, પારસા, બાલવા, લોદરા-૨, દાદરા-૨, પરબતપુરા એમ કુલ-૬ અને દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા એમ કુલ-૧ જે કુલ મળીને ૧૮ પંડિત દિનદયાલ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો)ની દુકાનો ફાળવવા બાબતે આવેલ અરજીઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

જે પૈકી ૧૪ વ્યાજબી ભાવની દુકાનો ફાળવવા અગ્રતાક્રમ નક્કી કરવામાં આવી છે. જેમાં અડાલજ-૩ વ્યાજબી ભાવની દુકાનમાં પાત્રતા ધરાવતી અરજીઓ ન મળતા દુકાન ફાળવવા પુનઃ જાહેરનામું બહાર પાડવા સુચના આપવામાં આવી હતી. તેમજ પૌર-૧, ટીટોડા-૨, પરબતપુરા એમ કુલ-૩ વાજબી ભાવની દુકાનો ફાળવવા માટેની કામગીરી આગામી બેઠકમાં કરવામાં આવશે એમ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું.

# કોરોનાના મૃતકોની આત્માની શાંતિ માટે મહાશાંતિ યજ્ઞ યોજાયો

## પાલનપુર માળી સમાજે કોરોના મહામારીના નાશ માટે યજ્ઞ યોજ્યો

પાલનપુર માળી સમાજ દ્વારા કોરોના મહામારીમાં મોતને ભેટેલા મૃતકોની આત્માની શાંતિ



માટે અને દેશમાંથી કોરોનાની મહામારીનો નાશ થાય તે માટે મહાશાંતિ યજ્ઞ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના વ્યક્તિઓને આહૂતી આપી હતી.

કોરોનાની મહામારીની બીજી લહેરમાં અનેક લોકોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે. કોઈએ પોતાના ભાઈ તો કોઈએ પોતાના પિતા તો કોઈએ માતા પિતાની છત્ર છાયા ગુમાવી છે. તેમજ કોરોનાની ગાઈડલાઈન મુજબ મૃતદેહોના અતિમ સંસ્કાર કરવામાં આવતા હોવાના કારણે કેટલાક વ્યક્તિઓને તો પોતાના સ્વજનની અંતિમ વિધી પણ કરવા મળી ન હતી.

જેના પગલે કોરોનાની મહામારીમાં અવસાન પામેલા દિવંગતોની આત્માને શાંતિ મળે અને દેશ પર આવેલી કોરોના મહામારીમાંથી છુટકારો મળે તેવા હેતુથી પાલનપુર માળી સમાજ દ્વારા સમાજની વાડીમાં મહાશાંતિ યજ્ઞ યોજવામાં આવ્યો હતો.

જેમાં સમાજના આગેવાનો તેમજ વ્યક્તિઓ હાજર રહી યજ્ઞમાં આહૂતી આપી મૃત્યુ પામેલા લોકોની દિવ્ય આત્માઓને શાંતિ મળે તેની પ્રાર્થના કરી હતી.

## બનાસકાંઠા પોલીસનો સપાટો : ૧૦ દિવસમાં ૨૪ બોગસ તબીબો ઝડપાયા

કોરાનાની મહામારીમાં મુન્નાભાઈ એમબીબીએસ બનીને લોકોના જાહેર આરોગ્ય સાથે ચેડા કરનાર ૨૪ જેટલા બોગસ ડોકટરોને છેલ્લા ૧૦ દીવસ માં જિલ્લા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બોગસ તબીબી પ્રેક્ટિસ કરનાર કથિત ડોક્ટરો સામે બનાસકાંઠા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન મુજબ જિલ્લાના જુદા જુદા પોલીસ મથક વિસ્તારમાં બોગસ તબીબોને ઝડપી પાડવાની કડક કાર્યવાહી હાથ ધરી છે.

છેલ્લા ૧૦ દિવસમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી અત્યાર સુધીમાં ૨૪ જેટલા બોગસ તબીબો ને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરાઈ હોવાનું ડીવાયએસપી આર.કે. પટેલે જણાવ્યું હતું. પોલીસે લાલ આંખ કરતા બોગસ તબીબોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**જિલ્લામાં ક્યાંથી ઝડપાયા મુન્નાભાઈ એમ.બી.બી.એસ**

| | |
|---|---|
| શિહોરી | ૦૨ |
| ભાભર | ૦૧ |
| થરા | ૦૧ |
| માવસરી | ૦૧ |
| વાવ | ૦૨ |
| ભીલડી | ૦૧ |
| થરાદ | ૦૧ |
| ડીસા રૂરલ | ૦૧ |
| ગઢ | ૦૪ |
| આગથળા | ૦૧ |
| પાલનપુર રૂરલ | ૦૧ |
| અંબાજી | ૦૧ |
| દિયોદર | ૦૧ |
| પાથાવાડા | ૦૧ |
| દાંતા | ૦૧ |
| વડગામ | ૦૧ |
| હડાદ | ૦૧ |
| છાપી | ૦૧ |

# રાસેયો સાદરા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત સરકારના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સંપર્ક અધિકારી અને નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ બિપિનચંદ્ર નિનામા સાહેબ હાજર રહ્યા અને અન્ય અતિથિઓમાં દેવાંગભાઈ પંડ્યા, ભરતભાઈ પટેલ, ડો. અરવિંદભાઈ રામી, શ્રીમતી સૂર્યાબેન ભાગોરા હાજર રહ્યા હતા, જ્યારે સ્વયંસેવક તરીકે સાદરા ગામના રણવીરસિંહ રહેવર અને આકાશ રામીએ પોતાની હાજરી આપી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રાધ્યાપક અને ડીન ડો. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું



હતું.

કાર્યક્રમની પ્રાસ્તાવિક ભૂમિકા રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરૂણભાઈ ગાંધીએ આપી હતી. વૃક્ષારોપણ અંતર્ગત લીમડા, જાબું, ચંપો અને ફૂલછોડના રોપાઓ રોપવામાં આવ્યા છે. આ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી પ્રવૃત્તિના આયોજનમાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાનો વિશેષ માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૧૧થી ૨૬ જૂન સુધી રાત્રિ કર્ફ્યુ યથાવત, રેસ્ટોરન્ટ-જીમ ખુલશે

## કેસોમાં ઘટાડો થતા સરકારે નિયંત્રણો વધુ હળવા કર્યા : વ્યવસાય-ધંધા ચાલુ રાખવાના સમયની મર્યાદામાં એક કલાકનો વધારો, સાંજે ૭ સુધી દુકાન-કચેરી ખુલ્લી રહેશે

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. તારીખ ૧૧ જૂન ૨૦૨૧ ના સવારે ૬ વાગ્યાથી કેટલાક નિયંત્રણો હળવા કરવામાં આવશે. આ નિયંત્રણો તારીખ ૧૧ જૂનથી ૨૬ જૂન સવારે ૬ વાગ્યા સુધી હળવા કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ કોર કમિટીની બેઠકમાં કરેલા વધુ અન્ય નિર્ણયોના અનુસાર રેસ્ટોરન્ટ અને હોટલ આ સમયગાળા એટલે કે ૧૧ જૂન ૨૦૨૧ થી ૨૬ જૂન ના સમય દરમિયાન સવારે ૯ થી સાંજે ૭ સુધી તેની બેસવાની ક્ષમતા ના ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. ટેકઅવે રાત્રે ૯ સુધી અને હોમ ડિલિવરી રાત્રે ૧૨ વાગ્યા સુધી થઈ શકશે. રાત્રી કર્ફ્યુનો અમલ તારીખ ૧૧ જૂન રાત્રે ૯ થી તારીખ ૨૬ જૂન ૨૦૨૧ ના સવારે ૬ વાગ્યા સુધીના દિવસો દરમિયાન દરરોજ રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી કરવાનો રહેશે. તમામ દુકાનો, વાણિજિયક એકમો, લારી-ગલાલજ, શોપિંગ કોમ્પલેક્સ, માર્કેટયાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ આ સમયગાળા દરમિયાન સવારે ૯ થી સાંજના ૭ સુધી ચાલુ રાખી શકાશે એટલે કે હાલની સમયમર્યાદામાં ૧ કલાકનો વધારો કરવાનો નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે.

વાંચનાલય લાઈબ્રેરી તેની બેઠક ક્ષમતાના ૫૦ ટકા સાથે અને બાગ બગીચા પણ સવારે ૬ થી સાંજે ૭ સુધી આ સમયગાળા દરમિયાન ચાલુ રહેશે. જીમ્નેશિયમ ૫૦ ટકા કેપેસિટી સાથે આ સમયગાળા દરમિયાન ચાલુ રાખી શકાશે અને એસ,.ઓ.પી.નું પાલન આવશ્યક રહેશે. રાજ્યના જે વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે જરૂરી પરીક્ષાઓ આલેટ્સ, ટોફેલ વગેરે આપવાના હોય તેવા વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીશ્રીએ આ પરીક્ષાઓ એસ.ઓ.પી.ના પાલન સાથે યોજવાની પણ છૂટ આપી છે.રાજ્યમાં રાજકીય, સામાજિક (બેસણું) ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો વધુમાં વધુ ૫૦ વ્યક્તિની મર્યાદામાં એસ.ઓ.પી.ના પાલન સાથે આ સમયગાળા દરમિયાન રાખી શકાશે. રાજ્યના તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લાં રહેશે પરંતુ એક સમયે એક સાથે ૫૦ થી વધુ દર્શનાર્થીઓ એકત્રીત ન થાય તેમજ એસઓપીનું પાલન અવશ્યપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

શહેરી બસ સેવાઓ અને એસટી બસ જેવી પબ્લિક બસ સર્વિસ ૬૦% પેસેન્જર ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જા મંત્રી સૌરભ પટેલ, ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ અને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ કૈલાસનાથન, ગૃહના અધિક મુખ્ય સચિવ પંકજ કુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે દાસ સહિત વરિષ્ઠ સચિવો પણઉપસ્થિત રહ્યા હતા.

### ચોમાસાનું આગમન...● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે, આથી વરસી રહેલો વરસાદ અને બદલાયેલું વાતાવરણ કેરીના પાક માટે નુકસાનકારક હોવાથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે. જોકે બે દિવસથી જિલ્લામાં છવાયેલા વરસાદી માહોલને કારણે અત્યારથી જ વલસાડ જિલ્લામાં જાણે અષાઢી માહોલ જામ્યો હોય એવું લાગી રહ્યું છે. બે દિવસથી વરસાદી માહોલને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોએ ગરમી અને બફારાથી રાહત અનુભવી હતી. દાદરા-નગરહવેલીના ખારવેલમાં ૧૨૯.૬ એમએમ અને સેલવાસમાં ૫૭ એમએમ વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં નૈઋત્યના ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે. હાલ નૈઋત્યનું ચોમાસું વલસાડ પહોંચ્યું હોવાના સમાચાર મળી રહ્યા છે. હવામાન ખાતા પ્રમાણે સામાન્ય કરતા ૬ દિવસ વહેલા ચોમાસું પહોંચ્યું છે. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. જેમાં સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ પડશે. તાપી, ભરૂચમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. જ્યારે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના વાતાવરણને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. તેની સાથે કહેવામાં આવ્યું છે કે,આવનારા પાંચ દિવસમાં ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદ આવશે. કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદની આગાહી કરાઈ છે. પ્રિ-મોન્સૂન એક્ટિવ થતા આગાહી વરસાદની છે. રાજ્યમાં આગામી ૫ દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. પવનમાં ભેજનું પ્રમાણ વધતા લોકો બફારાથી પરેશાન થઈ રહ્યા છે. સુરત , નવસારી , વલસાડ ,ડાંગ ,તાપી , ભરૂચમાં ૧૧ અને ૧૨મી જૂને ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### ઉગ્ર રોષ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરપંચોને ગ્રાન્ટના વપરાશને લઈ પણ સ્પષ્ટ માર્ગદર્શન આપવાનો જિલ્લાકક્ષાએથી કે તાલુકાકક્ષાએથી કોઈ જ પ્રયાસ થયો નથી એટલુ જ નહિ પણ હવે જે રીતે વહીવટીય કારણોસર સરપંચોને જે ધરમધક્કા થઈ રહ્યા છે તેનાથી સરપંચોમાં રોષની લાગણી જન્મી છે અને એક-બે દિવસમાં આ અંગે સરકારમાં જરૂર પડ્યે રજુઆત કરવાનું પણ સરંપચો વિચારી રહ્યા છે. આ મુદ્દે તેમણે ચૂંટાયેલા ધારાસભ્યો તેમજ પંચાયતના પદાધિકારીઓનો સંપર્ક સાધવાના શરૂ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

### સમય વધારાયો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલામત સવારીમાં પણ હવે ૬૦ ટકા સુધી મુસાફરો બેસાડી શકાશે. કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવતા સરકારે પણ ધીમે ધીમે નિયંત્રણો હળવા કરવાનુ શરૂ કરી દીધુ છે ગાંધીનગરમાં પણ સેકટરોમાં લાંબા સમયથી બંધ ધાર્મિક સ્થાનો પર હવે ભાવિકોની અવરજવર શરૂ કરાશે. જયાર બાગ બગીચાઓમાં પણ સહેલાણીઓ જોવા મળશે. છેલ્લા બે મહીનાથી શહેરમાં હોટલ રેસ્ટરોન્ટ પણ બંધ હોવાથી સુનકાર જોવા મળતો હતો. જયારે હવે સરકારે વિશેષ છુટછાટ આપતા નગરમાં વેપાર ધંધાની પ્રવૃતિનો ધમધમાટ ફરીથી વધશે. સરકારના નિર્ણયથી વેપારીઓ અને ભાવિકોમાં પણ આનંદની લાગણી વ્યાપી છે. જયારે આ મંજુરીને અનુલક્ષી ધાર્મિક સ્થાનોને ખુલ્લા કરવા માટે જરૂરી આયોજન પણ શરૂ કરી દેવાયુ છે. આ ઉપરાંત હોટલ રેસ્ટોરન્ટમાં પણ લાંબા સમયના અંતે રોનક જોવા મળશે.

# સુરતમાં બે દિવસમાં ૩૦૦ કાર્યકરો આપમાં જોડાયા

## ભાજપ માટે ચિંતાનો વિષય : સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સુરત પાલિકામાં સફળતા પ્રાપ્ત કરી આમ આદમી પાર્ટી અત્યારે વિરોધ પક્ષમાં છે

સુરત,તા.૯

ગુજરાતમાં થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સુરત પાલિકામાં સફળતા પ્રાપ્ત કરીને આમ આદમી પાર્ટી અત્યારે વિરોધ પક્ષમાં બેઠી છે. વિરોધ પક્ષમાં હોવાની સાથે આમ આદમી પાર્ટી ભાજપ માટે ચિંતાનો વિષય બની રહી છે. સુરતમાં પાછલા થોડાક જ દિવસોમાં ભાજપના સક્રિય કાર્યકર્તાઓ પાર્ટી છોડીને આપ સાથે જોડાયા છે. કહેવામાં આવી રહ્યું છે કે પાછલા બે જ દિવસમાં ૩૦૦ જેટલા કાર્યકરોએ ભાજપનો સાથ છોડ્યો છે. અહીં નોંધનીય બાબત એ છે કે ગુજરાતના ભાજપના પાર્ટી અધ્યક્ષ સી.આર.પાટીલ સુરતના છે. તેમ છતાં આ પ્રકારે મોટી સંખ્યામાં કાર્યકરોએ છેડો ફાડવો એ ચોક્કસપણે વિચારવાલાયક બાબત છે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટી દિવસેને દિવસે મજબૂત બની રહી છે.

પાર્ટીનું કહેવું છે કે તેમની રાજનીતિથી પ્રભાવિત થઈને કાર્યકરો તેમની સાથે જોડાઈ રહ્યા છે અને આ પ્રક્રિયા ચાલુ રહેશે. આ સમગ્ર બાબતે સુરત શહેરના ભાજપ પ્રમુખ જણાવે છે કે, કાર્યકરો પાર્ટી છોડીને ગયા તે બાબત અમારા ધ્યાનમાં આવી છે. અમે તેની પાછળના કારણો જાણીને નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરીશું.

સુરત શહેરમાં આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ સમયની સાથે વધી રહ્યું છે. લોકોના પ્રશ્નોને વાચા આપવાને કારણે લોકોમાં પાર્ટી પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. અને આ જ સ્થિતિમાં આટલી મોટી સંખ્યામાં સક્રિય કાર્યકરો ભાજપ છોડીને આપમાં જોડાયા તે ભાજપ માટે મોટો ચિંતાનો વિષય બન્યો છે. ૩૦૦માંથી ૨૦૦ કાર્યકરો તો માત્ર કામરેજ વિધાનસભા મતવિસ્તારના છે. આ સિવાય અન્ય સો જેટલા કાર્યકરો ખટોદરા વિસ્તારના છે.